ગાંધીનગર
# વેસ્ટર્ન ટાઇમ્સ
WESTERN TIMES

સ્થાપક તંત્રી : સ્વ. રામુ પટેલ
તંત્રી : નિકુંજ પટેલ

RNI Reg. No. GujGuj/1997/252
Reg. No. G-GNR-319
Valid upto 31-12-2020
Posting at RMS Ahmedabad

VOL : 23 * NO. 195 સોમવાર તા.૧૬ સપ્ટેમ્બર, ૨૦૧૯ ★ 16/9/2019 Gandhinagar ★ સંવત- ૨૦૭૫, ભાદરવા વદ-૨

Printed & Published by **Nikunj R. Patel** on behalf of **Western Times Publications Pvt. Ltd.** Printed at **Western Times Pub. Pvt. Ltd.** Survey No. 1315P, Opp. Ramapir Temple, Shilaj-Thol Road, Shilaj, Ahmedabad and **Published at** Gandhinagar Western Times, Akhbar Bhavan, Plot No. 233, Sector-11, Gandhinagar-382011. (Gujarat). **Editor :** Nikunj R. Patel **ફોન :** ૦૭૯-૨૬૪૦ ૨૮૮૦, **જાહેરાત :** ૦૭૯-૨૬૪૦ ૨૮૮૧ **ફેક્સ :** ૦૭૯-૨૬૪૦૨૮૮૨

# આજથી ટ્રાફિકના નવા કઠોર નિર્ણયોનો અમલ : લોકોમાં રોષ

## લાઇસન્સ, પીયુસી, આરસીબુક અને ઇન્શ્યોરન્સ સહિત દસ્તાવેજો પૂર્ણ કરવા વધુ સમય આપવા લોકોની માંગણી : કઠોર નિર્ણય બાદ લોકોમાં ભારે અંધાધૂંધી ફેલાઈ

**(સંપૂર્ણ સમાચાર સેવા) અમદાવાદ,** કેન્દ્ર સરકાર દ્વારા જારી કરાયેલા નવા ટ્રાફિક નિયમોની આવતીકાલે તા.૧૬મી સપ્ટેમ્બરથી અમદાવાદ શહેર સહિત સમગ્ર ગુજરાત રાજયમાં અમલવારી થવા જઈ રહી છે ત્યારે રાજયભરના પ્રજાજનોમાં આકરા દંડ અને જોગવાઈઓને લઈ ભારોભાર આક્રોશ પ્રવર્તી રહ્યો છે. ખુદ કેન્દ્રીય વાહનવ્યવહાર મંત્રી નીતિન ગડકરીએ જે તે રાજયોને આ નવા નિયમોની અમલવારી કરવા મુદ્દે સ્વતંત્રતા આપી છે ત્યારે ગુજરાતની રૂપાણી સરકારે અન્ય કેટલાક રાજયોની જેમ અહીં ગુજરાત રાજયમાં પણ ટ્રાફિકના આ નવા આકરા નિયમો અને વધુ પડતા દંડની આકરી જોગવાઈઓની અમલવારી તાત્કાલિક અસરથી મોકૂફ રાખી દેવી જોઈએ એવી લોકોમાં જબરદસ્ત માંગણી ઉઠવા પામી છે. ગુજરાત સરકારે તેમાંથી આંશિક રાહત આપી છે પરંતુ નવી દંડની રકમ પણ સામાન્ય જનતાના ખિસ્સાને કોઈપણ સંજોગોમાં પોષાય એમ જ નથી, તેથી રાજયભરના પ્રજાજનોમાં ટ્રાફિકના આ નવા નિયમોની અમલવારી તાત્કાલિક અસરથી મોકૂફ રાખવા વ્યાપક માંગણી ઉઠી છે.

રાજયના જાગૃત નાગરિકોએ જણાવ્યું હતું કે, આ સમગ્ર મામલો બહુ જ સંવેદનશીલ અને ગંભીર હોઈ રૂપાણી સરકારે ખરેખર વ્યવહારૂ અને માનવીય અભિગમ અપનાવવો જોઈએ અને લોકોને આ ડર અને ફફડાટના માહોલમાંથી બહાર લાવવા જોઈએ. સરકારના આ તઘલખી ફરમાનને લઈ હાલ તો લોકો લાયસન્સ, પીયુસી, ઈન્શ્યોરન્સ, આરસી બુક માટે આરટીઓ કચેરી, પીયુસી સેન્ટર સહિતના સ્થળોએ લાંબી લાઈનો લગાવવા મજબૂર બન્યા છે. સરકારે સામાન્ય જનતાને લાયસન્સ, આરસીબુક, પીયુસી કે ઈન્શ્યોરન્સ સહિતના ડોકયુમેન્ટ્સની પરિપૂર્તતા માટે પૂરતો સમય આપ્યા વિના જ અચાનક અમલવારીની વાત ઉતાવળે કરી દેતાં અમદાવાદ શહેર સહિત રાજયભરમાં જાણે જબરદસ્ત અંધાધૂંધી અને અફરાતફરીનો માહોલ સર્જાયો છે. નોટબંધી, જીએસટીના મરણતોલ ફટકા બાદ લોકો હવે ટ્રાફિક નિયમો અને દંડનો માર સહન કરવા મજબૂર બન્યા છે, જેના કારણે લોકોમાં એક પ્રકારનો ભારેલા અગ્નિ જેવો જોરદાર આક્રોશ પ્રવર્તી રહ્યો છે ખાસ કરીને મહિલાઓ, યુવતીઓ સરકાર પર ફિટકાર વરસાવી રહ્યા છે. અમદાવાદ મોટર ડ્રાઈવીંગ સ્કૂલ ઓનર્સ એસોસીએશનના મહામંત્રી રમેશભાઈ ગીડવાણીએ જણાવ્યું હતું કે, સરકાર ભલે નવા નિયમો લાગુ કરે પરંતુ તેની અમલવારી માટે ખાસ કરીને લાયસન્સ, પીયુસી, ઈન્શ્યોરન્સ, આરસી બુક સહિતના ડોકયુમેન્ટસની પરિપૂર્તતા માટે સરકારે નાગરિકોને પૂરતો સમય આપવો જોઈએ. આ ડોકયુમેન્ટસની પરિપૂર્તિ બે-ચાર દિવસ કે અઠવાડિયામાં થઈ શકે તેમ નથી. નાગરિકોને સરકારે ખરેખર બે-ચાર મહિનાનો સમય આપવો જોઈએ કારણ કે, આ ડોકયુમેન્ટસ તૈયાર કરવામાં એટલો સમય તો જાય જ તેમ છે. કારણ કે, તંત્ર ખુદ તેને પહોંચી વળે તેમ નથી તે વાસ્તવિકતા છે. બીજીબાજુ, અમદાવાદ શહેર સહિત રાજયભરમાં એચએસઆરપી નંબર પ્લેટથી લઈને લાયસન્સ, આરસીબુક, ઈન્શ્યોરન્સ અને પીએયુસી માટે લોકો પોતાની નોકરી અને ધંધા-રોજગાર છોડી હાલ આ ડોકયુમેન્ટ્સ પરિપૂર્ણ કરવા માટે આરટીઓ કચેરી, પીયુસી સેન્ટર પર લાંબી લાઈનો લગાવવા મજબૂર બન્યા છે. નવા ટ્રાફિક નિયમોની આવતીકાલથી જ અમલવારી થવાની છે ત્યારે શહેરમાં ટ્રાફિક પોલીસ અને નાગરિકો વચ્ચે ઘર્ષણ, ઝપાઝપી અને મારામારીના બનાવો પણ સામે આવે તેવી ગંભીર દહેશત છે ત્યારે સરકારે સમગ્ર મામલે ગંભીરતાથી વિચાર કરવો જોઈએ અને ઉતાવળે નવા નિયમોની અમલવારીનો હઠાગ્રહ રાખવો જોઈએ નહી.

કેટલાક જાગૃત નાગરિકોએ રોષ ઠાલવ્યો હતો કે, કાયદા ને નિયમો લોકોની સુખાકારી અને સાનુકૂળતા માટે હોય..લોકોને બિનજરૂરી હાલાકી કે હેરાન-પરેશાન કરવા અને તેમને ડરાવવા માટે નહી. સરકારે આ વાત સમજવાની જરૂર છે અને નવા નિયમોની અમલવારી માટે નાગરિકોને બે-ચાર મહિના જેટલો પૂરતો સમય આપવો જ પડે, એમ કંઈ બે-ચાર દિવસમાં આટલા મોટા રાષ્ટ્રવ્યાપી નિર્ણયની અમલવારી ઓછી થઈ શકે એવા ગંભીર સવાલો પણ લોકોએ ઉઠાવ્યા હતા અને તાત્કાલિક અસરથી ગુજરાત રાજયમાં ટ્રાફિકના નવા નિયમોની અમલવારી મોકૂફ રાખવા ઉગ્ર માંગણી કરી હતી.

# ભારે વરસાદથી રાજસ્થાનમાં પૂરની સ્થિતિ

**(સંપૂર્ણ સમાચાર સેવા) ચિત્તોડગઢ,** રાજસ્થાનના ચિત્તોડગઢ જિલ્લામાં છેલ્લા કેટલાક દિવસથી પડી રહેલા ભારે વરસાદના કારણે હાલત કફોડી બની ગઈ છે. બીજી બાજુ રાજસ્થાનના અન્ય વિસ્તારોમાં હાલમાં અવિરત વરસાદ થઈ રહ્યો છે. ભારે વરસાદના કારણે જનજીવન સંપૂર્ણપણે ખોરવાઈ ગયું છે. બીજી બાજુ ચિત્તોડગઢ જિલ્લામાં બે દિવસથી અવિરત વરસાદના લીધે રાણા પ્રતાપ સાગર બંધથી મોટા પ્રમાણમાં પાણી છોડવામાં આવ્યા બાદથી પુરની સ્થિતિ સર્જાઈ ગઈ છે. અહીંની એક સ્કુલમાં પણ પાણી ઘુસી ગયા છે.

સ્કુલમાં પાણી ઘુસી ગયા ત્યારે સ્કુલમાં ૩૫૦થી વધારે વિદ્યાર્થી અને ૫૦થી વધુ શિક્ષકો હતા. માર્ગો બ્લોક થઈ જવાના કારણે તમામ સ્કુલોમાં બાળકો ફસાયેલા રહ્યા હતા. સ્થાનિક વહીવટીતંત્ર દ્વારા બાળકો અને શિક્ષકો માટે ભોજનની વ્યવસ્થા કરવામાં આવી રહી છે. રાજસ્થાનના અનેક જિલ્લાઓમાં ભારે વરસાદના લીધે પુરની સ્થિતિ સર્જાયેલી છે.

પડોશી મધ્યપ્રદેશ રાજયમાં અવિરત વરસાદ થઈ રહ્યો છે જેથી પ્રદેશના સરહદી વિસ્તારમાં પુરનો ખતરો તોળાઈ રહ્યો છે. રાજસ્થાનના કેટલાક જિલ્લાઓમાં ભારે વરસાદ પડી રહ્યો છે જેથી લોકોની સમસ્યાઓ વધી ગઈ છે. અનેક નદીઓમાં પાણીની સપાટી ભયજનક સ્તરથી ઉપર પહોંચી ગઈ છે. પ્રતાપગઢ, ચિત્તોડગઢ, ઝાલાવાડ, બાંસવાડા અને ભીલવાડા જિલ્લામાં ભારે વરસાદ થઈ રહ્યો છે. પાણીના નિકાલ માટે ચિત્તોડગઢમાં રાણાપ્રતાપ બંધને ખોલવાની ફરજ પડી છે. નિચાણવાળા વિસ્તારો જળબંબાકાર થઈ ગયા છે. બીજી બાજુ મોટી સંખ્યામાં લોકોને અન્ય વિસ્તારોમાંથી ખસેડવામાં આવી રહ્યા છે. મધ્યપ્રદેશમાં ગાંધી સાગર બંધમાંથી રાજસથાન તરફ પાણી છોડવામાં આવ્યા બાદ ધોલપુર જિલ્લામાં પુરની સ્થિતિ સર્જાઈ ગઈ છે. કોટામાંથી ૫૦૦ પરિવારોને સુરક્ષિત ખસેડવામાં આવી ચુક્યા છે. ભારે વરસાદ જારી રહેવાના કારણે રાજસ્થાનમાં સ્થિતિમાં હાલ સુધારો થાય તેવા કોઈ સંકેત દેખાઈ રહ્યા નથી.

**રાહત કામગીરી યુદ્ધના ધોરણે જારી : ચિત્તોડગઢમાં અતિભારે વરસાદ બાદ રાણાપ્રતાપ સાગર બંધમાંથી પાણી છોડવા ફરજ**

# પાકિસ્તાન સાથે વાત માત્ર પોક મુદ્દે જ થશેઃ રાજનાથ સિંહ

**(હિ.મી.એ), સુરત,** મારુતિ વીર જવાન ટ્રસ્ટ દ્વારા આયોજિત તૃતીય શહીદ પરિવાર સન્માન સમારોહમાં મુખ્ય અતિથિ તરીકે રક્ષા પ્રધાન રાજનાથ સિંહે હાજરી આપી હતી. જેમાં સિંઘે સુરતની ધરાથી પાકિસ્તાનને પડકાર ફેંક્યો હતો કે, પાકિસ્તાન સાથે વાત થશે તો માત્ર આતંકવાદને ખતમ કરવા અને પોક મુદ્દે જ થશે. રાજનાથે કહ્યું હતું કે, ભારતની પ્રગતિ અને વિકાસને પાડોશી દેશ પાકિસ્તાન પચાવી શકતો નથી. જેથી તે યૂનોમાં જઈ ભારત વિશે જુઠ્ઠાણું ફેલાવી રહ્યુ છે. દુનિયાની કોઈ તાકાત નથી કે, ભારતની સામે કોઈ ઉંચી આંખ કરીને જોઈ શકે. પાકિસ્તાન સંયુક્ત રાષ્ટ્રસંઘમાં માનવધિકારોનો મુદ્દો ઉઠાવીને આંતરરાષ્ટ્રીય સમુદાયને ગુમરાહ કરવાની કોશિશ કરી રહ્યું છે, પણ તે આ વાતમાં ફાવી શકશે નહી. ભારતમાં લઘુમતિઓ અસુરક્ષિત હોવાની વાતો કરતા પાકિસ્તાન શીખ, બલુચિઓ પર અત્યાચારો કરીને માનવઅધિકારોનું હનન કરી રહ્યું હોવાનું કહ્યું હતું. જો પાકિસ્તાન આતંકવાદને ખત્મ નહી કરે તો, તેના ટુકડે ટુકડા થતા કોઈ રોકી શકશે નહી. માનવાધિકાર અને હ્યુમન રાઈટની વાતો કરનાર પાક પોતાના દેશમાં લઘુમતીઓની સુરક્ષા કરતું નથી. રાજનાથે સુરતની ધરતી પરથી પાકિસ્તાનને પડકાર આપતા કહ્યું હતું કે, વર્ષ ૧૯૭૧ માં ધર્મના આધારે બે ભાગલા થયા હતા. પાકિસ્તાનને ફરી એક વખત ખંડ ખંડ થવાથી કોઈ રોકી શકતું નથી. જો તે આતંકવાદ નહિ રોકે તો, પાકિસ્તાન ખંડિત થશે.

# નવેમ્બર બાદ રામ મંદિરના નિર્માણનું કામ શરૂ : સ્વામી

**(સંપૂર્ણ સમાચાર સેવા) અયોધ્યા,** ભારતીય જનતા પાર્ટીના ફાયરબ્રાન્ડ નેતા અને રાજયસભાના સાંસદ સુબ્રમણ્યમ સ્વામીએ પોતાના ૮૦માં જન્મદિવસના પ્રસંગે અયોધ્યા પહોંચીને રામલલ્લાના દર્શન કર્યા છે. આ પ્રસંગે સુબ્રમણ્યમ સ્વામીએ કહ્યું છે કે, નવેમ્બર મહિના બાદ શ્રદ્ધાળુઓને રામલલ્લાના દર્શન કરવામાં કોઈપણ સમસ્યા આવશે નહીં. સ્વામીએ દાવો કર્યો હતો કે, રામ મંદિર નવેમ્બર મહિના બાદ બનવાની શરૂઆત થઈ જશે. રાજયસભા સાંસદે કહ્યું હતું કે, હિન્દુઓના મૂળભૂત અધિકાર મુસ્લિમોની સંપત્તિના અધિકારથી ઉપર છે જેથી જે પણ સંપત્તિના અધિકારની વાત કરશે તેને સર્વોચ્ચ અદાલત દ્વારા ફગાવી દેવામાં આવશે.

રામલલ્લાના દર્શન કર્યા બાદ સ્વામી શહેરના પ્રમોદવનમાં સ્થિત કાંચી કામકોટી મંદિરની શાખામાં પહોંચ્યા હતા જ્યાં ધાર્મિક વિધિ પણ કરી હતી. સ્વામીએ કહ્યું હતું કે, સુપ્રીમ કોર્ટ પણ આદેશ આપતી વેળા આ બાબતની નોંધ લેશે કે કયો એવો આદેશ રહેશે જે સરકાર, દેશ માનશે અને અન્યાયપૂર્ણ રહેશે નહીં. આ ત્રણેય બાબતો અમારી પાસે રહેલી છે. એક વખતે મંદિર બની ગયા બાદ ત્યાંથી તેને કોણ દૂર કરી શકે છે. તેમણે એમ પણ કહ્યું હતું કે, વિવાદાસ્પદ ક્ષેત્રમાં મોટાભાગની જમીન સરકારની પાસે રહેલી છે. તેના રાષ્ટ્રીયકરણ કરીને રાખવામાં આવેલી છે. સુપ્રીમ કોર્ટે સુપ્રીમ કોર્ટે એમ પણ કહ્યું છે કે, અધિગૃહિત જમીન પર સરકારનો અધિકાર રહેલો છે.

# ડિપોઝિટ-વિડ્રોઅલ પર ૧૦૦થી ૧૨૫ રૂપિયાનો ચાર્જ લાગૂ કરાશે

**(સંપૂર્ણ સમાચાર સેવા) નવી દિલ્હી,** દેશની ખાનગી ક્ષેત્રની સૌથી મોટી બેંકો પૈકીની એક એવી આઈસીઆઈસીઆઈ બેંકે પોતાના ગ્રાહકોને આજે મોટો ફટકો આપી દીધો છે. બેંકે ઝીરો બેલેન્સ ખાતા ધારકોને ૧૬મી ઓક્ટોબરથી શાખાથી દરેક કેશ વિડ્રોઅલ માટે ૧૦૦ રૂપિયાથી લઈને ૧૨૫ રૂપિયાનો ચાર્જ લાગૂ કરવાનો નિર્ણય કર્યો છે. જો ગ્રાહકો બેંકની શાખામાં મશીન મારફતે જ પૈસા જમા કરે છે તો તેના માટે પણ તેમને ફી ચુકવવાની રહેશે. બેંકની શાખામાં તેના કરન્સી રિસાયકલર્સ મારફતે નાણાં ડિપોઝિટ કરવામાં આવશે તો તેના માટે ફી લાગૂ કરવામાં આવશે.

આઈસીઆઈસીઆઈ બેંકના ઝીરો બેલેન્સ ખાતા ધારકોને આ નિર્ણયથી મોટો ફટકો પડી ગયો છે. બેંકે ઝીરો બેલેન્સ એકાઉન્ટ પર દરેક વિડ્રોઅલ પર ૧૦૦થી ૧૨૫ રૂપિયાનો ચાર્જ લાગૂ કરી દીધો છે. મોબાઈલ બેંકિંગ અને ઈન્ટરનેટ બેંકિંગ મારફતે થનાર એનઈએફટી, આરટીજીએસ તથા યુપીઆઈ ટ્રાન્ઝેક્શન ફીમાં કોઈ ફેરફાર કર્યા નથી.

# દેશમાં રોજગાર નહીં પોસ્ટ મુજબ કુશળ લોકોની અછત છે : ગંગવાર

**(સંપૂર્ણ સમાચાર સેવા) નવીદિલ્હી,** કેન્દ્ર સરકારે દાવો કર્યો છે કે, દેશમાં રોજગારની તકોની કોઈપણ કમી દેખાઈ રહી નથી. જો કે, પોસ્ટની રીતે પુરતા પ્રમાણમાં કુશળ ઉમેદવારો મળી રહ્યા નથી. કેન્દ્રીય શ્રમ અને રોજગાર મંત્રી સંતોષ ગંગવારની આ જાહેરાતથી ભારે હોબાળો મચી ગયો છે.

ગંગવારનું કહેવું છે કે, ઉત્તર ભારતમાં સારા શિક્ષણ મેળવી ચુકેલા યુવાઓની કમી દેખાઈ રહી છે. દેશમાં રોજગારની કોઈપણ કમી દેખાઈ રહી નથી. અમારા ઉત્તર ભારતમાં જે રિક્રુટમેન્ટ કરવામાં આવે છે તે આ બાબતના પ્રશ્ન કરે છે કે, જે પોસ્ટ માટે અમે ઉમેદવાર શોધી રહ્યા છે તેવા ઉમેદવાર મળી રહ્યા નથી. ક્વોલિટીની વ્યક્તિઓ મળી રહી નથી. ગંગવારે પોતાના સંસદીય ક્ષેત્ર બરેલીમાં મિડિયા સાથે વાતચીત કરતા કહ્યું હતું કે, અખબારોના અહેવાલ ખોટીરીતે રજૂ કરવામાં આવ્યા છે. તેમણે કહ્યું છે કે, અખબારોમાં જે પ્રકારના દાવા થઈ રહ્યા છે તે યોગ્ય નથી. સ્વતંત્ર પ્રભારના રાજયમંત્રીએ કહ્યું છે કે, હાલના અખબારોમાં રોજગારની વાત કરવામાં આવી રહી છે. તેઓ આ મંત્રાલયની જ જવાબદારી સંભાળી રહ્યા છે અને દરરોજ તેના ઉપર નજર પણ રાખી રહ્યા છે. તેમનું કહેવું છે કે, દેશની અંદર રોજગારની કોઈ કમી દેખાઈ રહી નથી. ખુબ તકો રહેલી છે. રોજગાર આપવાના સરકારના પ્રયાસોનો પણ ઉલ્લેખ કર્યો છે.

ગંગવારનું કહેવું છે કે, રોજગાર ઓફિસો ઉપરાંત અમારા મંત્રાલય દ્વારા પણ નજર રાખવામાં આવી રહી છે જેથી કહી શકાય છે કે, રોજગારની કોઈ સમસ્યા નથી. કેન્દ્ર સરકાર રોજગાર રચનાના મામલામાં સતત મુશ્કેલીમાં મુકાઈ રહી છે. ૮મી નવેમ્બર ૨૦૧૬ના દિવસે નોટબંધીની જાહેરાત કરવામાં આવ્યા બાદ મોટી સંખ્યામાં લોકોએ રોજગારી ગુમાવી દીધી હતી ત્યારબાદથી આ સિલસિલો જારી રહ્યો છે.

લોકસભાની ચૂંટણીના પરિણામ આવ્યા બાદ જારી કરાયેલા અહેવાલમાં કહેવામાં આવ્યું છે કે, છેલ્લા ૪૫ વર્ષમાં બેરોજગારીનો દોર સૌથી વધારે રહેલો છે. હાલમાં ઓટો સેક્ટરમાં મંદીના કારણે પણ નોકરીઓ જવાના અહેવાલ આવી રહ્યા છે. આવનાર દિવસોમાં રોજગારને લઈને મોદી સરકારની મુશ્કેલી વધી શકે છે. ત્રણ રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણી નજીક છે જેમાં મહારાષ્ટ્રનો સમાવેશ થાય છે. મહારાષ્ટ્ર અને હરિયાણામાં વિધાનસભા ચૂંટણી દરમિયાન બેરોજગારીનો મુદ્દો જોરદારરીતે ચમકે તેવી શક્યતા દેખાઈ રહી છે.

**ઉત્તર ભારતમાં ભરતી માટે આવનારી કંપની ક્વોલિટી વ્યક્તિઓની શોધ કરી ન શકી : કેન્દ્રીયપ્રધાન**

## કાશ્મીર અંગે બ્રિટિશ સાંસદનું ભારતને સમર્થન

(એજન્સી) લંડન : બ્રિટિશ સાંસદ બોબ બ્લેકમેને કાશ્મીર મુદ્દે પાકિસ્તાનના વલણનો આકરો વિરોધ કર્યો છે. તેમણે આ મુદ્દે પાકિસ્તાન દ્વારા આ મુદ્દાને યુએનમાં લઈ જવાનો વિરોધ કર્યો છે. તેમણે કહ્યું કે, પાકિસ્તાનને પહેલા પીઓકેને ખાલી કરવું જોઈએ. બોબ બ્લેકમેને કહ્યું કે, જમ્મુ અને કાશ્મીર ભારતનો હિસ્સો છે અને જે લોકો યુએનના સંકલ્પને લાગુ કરવા માટે કહે છે તેમને યુએનનાં પહેલા સંકલ્પને જોવો જોઈએ. તેમાં કહેવામાં આવ્યું છે કે, કાશ્મીરને ફરી એક કરવા માટે પાકિસ્તાને પહેલા બિનકાયદેસર રીતે કબ્જામાં લીધેલ કાશ્મીરનાં હિસ્સાને છોડવો પડશે.

## ચંદ્રયાન-૨ ઓર્બીટર ચંદ્રના હિસ્સાના ફોટાઓ મોકલશે

**(સંપૂર્ણ સમાચાર સેવા) નવી દિલ્હી,** ચંદ્ર પર સ્થિત વિક્રમ લેન્ડર સાથે હજુ સુધી કોઈ સંપર્ક થઈ શક્યો નથી પરંતુ ભારતના ચંદ્રયાન-૨ના ઓર્બીટર દ્વારા પોતાના મિશનને આગળ વધારવામાં આવી રહ્યું છે. મહત્વપૂર્ણ બાબત એ છે કે, ભારતના બીજા મૂન મિશન માટેના આ ઓર્બીટર ચંદ્રને લઈને અનેક મહત્વની બાબતો રજૂ કરવાની તૈયારીમાં છે. ઓર્બીટર હવે ચંદ્ર હંમેશા અંધારામાં રહેવાને લઈને એટલે કે એ ક્ષેત્રના ફોટાઓ પણ મોકલશે જ્યાં ચંદ્રની આસપાસ સૂર્યની રોશની પહોંચી શકતી નથી. આ બાબત સમગ્ર દુનિયા માટે નવી માહિતી તરીકે રહેશે. વૈજ્ઞાનિકોનું કહેવું છે કે, એક દશક પહેલા મોકલવામાં આવેલા ભારતના પ્રથમ ચંદ્રયાનથી તેના દેખાવની સ્થિતિ સુધરી રહી છે. ચંદ્રના જે હિસ્સામાં સૂર્યની રોશની પહોંચતી નથી ત્યાં ઓર્બીટર રાજ ખોલી શકે છે. ચંદ્ર પર રહેલા વિક્રમ લેન્ડર સાથે સંપર્ક કરવા માટે હવે એક સપ્તાહનો સમય રહી ગયો છે. ઓર્બીટરનો દેખાવ શાનદાર રહ્યો છે. નાસાનું સ્પેશક્રાફ્ટ મંગળવારના દિવસે લેન્ડરના ઉપરથી પસાર થનાર છે.

# ભારત સાથે યુદ્ધમાં પાકિસ્તાન જીતી શકે નહીં : ઇમરાન ખાન

**(સંપૂર્ણ સમાચાર સેવા) ઇસ્લામાબાદ,** જમ્મુ કાશ્મીરમાં કલમ ૩૭૦ને દૂર કરવામાં આવ્યા બાદ પાકિસ્તાન ભારે લાલઘૂમ થયેલું છે. તેના દ્વારા વારંવાર યુદ્ધની ધમકીઓ આપવામાં આવી રહી હોવા છતાં ભારત દ્વારા તેના તરફ ધ્યાન આપવામાં આવી રહ્યું નથી. હવે પાકિસ્તાનના વડાપ્રધાન ઈમરાન ખાને પોતે કબૂલાત કરી છે કે, તે ભારત સાથે કોઈ કિંમતે યુદ્ધ જીતી શકવાની સ્થિતિમાં નથી. પરમાણુ યુદ્ધની વાત કરતા ઈમરાન ખાને કહ્યું છે કે, પાકિસ્તાન પારમ્પરિક યુદ્ધ ભારત સામે હારી શકે છે પરંતુ આવી સ્થિતિમાં પરિણામ ગંભીર રહેશે. ઈમરાને પરમાણુ યુદ્ધની ધમકી ફરી એકવાર આપી દીધી છે. એક ચેનલને આપેલા ઈન્ટરવ્યુમાં ઈમરાન ખાને પરમાણુ ખતરાના સવાલ પર કહ્યું હતું કે, આમા કોઈપણ ભ્રમની સ્થિતિ નથી. પાકિસ્તાન ક્યારે પણ પરમાણુ યુદ્ધની શરૂઆત કરશે નહીં. તેઓ શાંતિમાં માને છે.

Special Attractive Rate For DIWALI Festival
DUBAI WITH LAPITA RESORT
Dep: 17th to 21st Nov • Rs: 55,000/- PP
Honeymoon Packages Available
BALI • MAURITIUS • THAILAND
PARIVAR TRAVELS
F-15, સત્યમ સ્ટેટસ કોમ્પલેક્ષ, શરણમ-૭ પાસે, સેટેલાઈટ, અમદાવાદ
97277 37754, 98252 44608

ગુજરાત ગર્વમેન્ટ માન્ય LTC પ્રવાસો
જીરાવાલા ટુરીઝમ
સિમલા-મનાલી-ડેલહાઉસી
હરિદ્વાર-આગ્રા-મથુરા
ગોવા-મહાબળેશ્વર-લોનાવાલા
મ્હૈસુર-બેગ્લોર-ઊટી-કો. કેનાલ
સપ્તઃજ્યોર્તિલીંગ-દ. ભારત-રામેશ્વર-કન્યાકુમારી-તિરૂપતિ
નેપાળ-કાઠમંડુ-પોખરા-બનારસ
જગન્નાથપુરી-ચંપારણ્ય-કોલકત્તા-ગંગાસાગર
BY AIR / RAIL / BUS / INDIVIDUAL PACKAGE
Kerala-Darjiling-Nainital
Jirawala TOURISM
"હાઇટેક બિલ્ડીંગ", મ્યુઝીયમની સામે, દિવાન બલ્લુભાઈ સ્કુલની બાજુમાં, પાલડી, અમદાવાદ. (M) 9375777333, 94267 55909
નીકોલ (M) 9409625111, 9408777333, ગાંધીનગર (M) 9924020660

H.K.TRAVELS
New Launched Luxury



ડેઈલી સર્વિસ
ઉપડવાનો સમય : બપોરે ૧.૩૦ વાગે
અમદાવાદથી નાગપુર વાયા ઈન્દોર, બૈતૂલ
પાર્સલ સર્વિસ ઉપલબ્ધ
અરજન્ટ ડીલેવરી
online booking www.hktravel.in
H.O.: શેફાલી શોપીંગ સેન્ટર, પાલડી
ફોન બુકીંગ ઓફીસ 9979881489 9429893289

નવરાત્રીના ગરબા "પિયાનો" ને સંગ
PIYANO ULTIMATE SOUND
AN ISO 9001 Certified Co. Since 1948
પાવર એમ્પ્લીફાયર, ડીજીટલ ઇકો સિસ્ટમ, માઇક્રોફોન, પ્રોફેશનલ સ્પીકર, પોર્ટેબલ
આર.જે.વકીલ ની કું.
૨૬૭/૨, દેના બેંક સામે, ગાંધી રોડ, અમદાવાદ. ફોન :- ૨૨૧૧૩૮૯૪

શ્રાધ્ધ પક્ષ નિમિત્તે સ્પે. બાસુદી
● ઓછી ખાંડના સ્પે. કેસર પેંડા ● સ્પે. કાજુદ્રાક્ષનો ફરાળી ચેવડો ● કાજુની અવનવી આઇટમો ● સાબુદાણાનો ચેવડો ● બટાકની વેફર્સ ● દાણાદાર બરફી ● કેળાની વેફર્સ ● દૂધનો હલવો ● કાજુ કતરી ● ડ્રાઇફ્રુટ બ્રાઈટસ ● રસગુલ્લા ● રસમલાઈ
૧૦૦% શુધ્ધ ઘીની મિઠાઇઓ
જયહિંદ સ્વીટ્સ TM
માણેકચોક, ફોનઃ- ૨૨૧૪૦૭૧૪
શિવાલીક પ્લાઝા, IIM રોડ, આંબાવાડી. ફોનઃ- ૨૬૩૦૯૩૯૩
સ્ટેડીયમરોડ, નવરંગપુરા, ફોનઃ- ૨૬૪૬૮૬૮૬
પ્યોર વેજીટેરીયન કેક / પેસ્ટ્રી

પથરીની સારવાર ઓપરેશન વગર
લીથોટ્રીપ્સી દ્વારા
સમગ્ર ગુજરાતમાં સૌથી ઓછા દરે
પારંગત-પારદર્શક-વિશ્વસનીય સારવાર



પરિમલ હોસ્પિટલ (Estd.-1982)
પુનીતમાર્ગ, ઝઘડીયા બ્રિજ પાસે, મણિનગર, અમદાવાદ-૮.
Ph: 65135008, 98240 19394

Kala Niketan (BOMBAYWALA)
1944 TO 2019
PLATINUM JUBILEE SALE
'K.N. House' Nobles, Opp. Nehru Bridge, Ashram Road. Ahmedabad-9, Tel.079-26580050/51

વેસ્ટર્ન ટાઇમ્સ



# ત્રણ હત્યાને અંજામ આપનારા સિરિયલ કિલર આખરે જબ્બે

**ત્રણ હત્યાઓને અંજામ આપનારો મદન માલી કોઇ પૈસા ન આપે તો માથામાં ગોળી મારી હત્યા કરી નાંખતો હતો : સિરિયલ કિલર મદન માલીને એટીએસે ઝડપ્યો**




(સંપૂર્ણ સમાચાર સેવા) અમદાવાદ,
ગાંધીનગર અને તેની આસપાસના વિસ્તારોમાં છેલ્લા ઘણા મહિનાઓથી રહસ્યમય સંજોગોમાં હત્યાઓને અંજામ આપી ભયનો ઓથાર સર્જનાર ખતરનાક સિરિયલ કિલર મદન માલીને આખરે એટીએસ પોલીસે આખરે ઝડપી લીધો હતો.

છેલ્લા ઘણા મહિનાઓથી આ સિરિયલ કિલરે માત્ર ગુજરાત જ નહી પરંતુ મહારાષ્ટ્ર અને મુંબઈ પોલીસ સુધીની તપાસ એજન્સીઓને દોડાવી નાંખી હતી પરંતુ આખરે ગુજરાત એટીએસએ બહુ મહત્વના ઓપરેશનમાં આજે સિરિયલ કિલર મદન માલીને ઝડપી લઈ મોટી સફળતા મેળવી હતી. આરોપી મદન માલીની પ્રાથમિક પૂછરછમાં એવી ચોંકાવનારી હકીકતનો ખુલાસો થયો હતો કે, ગાંધીનગર અને તેની આસપાસના વિસ્તારોમાં ત્રણ-ત્રણ હત્યાને અંજામ આપનાર મદન માલી જો કોઈ પૈસા ના આપે તો, માથામાં ગોળી મારી હત્યા કરી નાંખતો હતો. પોલીસની તપાસમાં ખૂલ્યું હતું કે, આરોપી સિરિયલ કિલર મોનિશ ઉર્ફે મદન માલી ધો.૩ સુધી ભણેલો છે. સને ૧૯૯૫માં તેણે ઘર છોડી દીધું હતું. ત્યારબાદ ૧૯૯૯માં સાયકલ ચોરીના ગુનામાં તે અગાઉ ઝડપાયો હતો. એ પછી ૨૦૦૭માં પણ ચોરીના ગુનામાં ઝડપાઈ ચુક્યો છે. દરમ્યાન એટીએસ ડીવાયએસપી ભાવેશ રોજીયાએ જણાવ્યું હતું કે, આરોપી મોનિશે અત્યારસુધીમાં અનેક લૂંટ કરી છે. ૨૦૧૬થી જ પિસ્ટલ લઈ લોકોને લૂંટતો હતો. જો કોઈ પૈસા આપવાની ના પાડે તો તેને માથામાં ગોળી મારી હત્યા કરી નાંખતો હતો. ૨૦૧૮-૧૯માં જેમની હત્યા કરી છે તેઓએ પૈસા આપવાની ના પાડતા તેણે હત્યા કરી હતી. અગાઉ ફેબ્રુઆરી માસમાં પેટ્રોલપંપ પર એટીએસ અને ગાંધીનગર પોલીસે જે સ્કેચ અને ફુટેજના પોસ્ટર લગાવ્યા હતા. તે જોઈ જતાં તેણે લૂંટ અને હત્યા કરવાનું બંધ કરી દીધું હતું. પોલીસ પકડે નહીં તે માટે તેણે પોતાનું ઘર અને ચહેરો પણ બદલી નાંખ્યો હતો. વાળ નાના અને મૂછો રાખવાનું શરૂ કરી દીધું હતું. આરોપી મોનિશ પોતે પરણિત છે અને તેને એક બાળક છે. પેડલ રીક્ષા અને મજૂરી કામ કરી ગુજરાન ચલાવતો હતો. વહેલી સવારથી જ લૂંટ કરવાના ઈરાદે ઘરેથી નીકળી જતો હતો. કેનાલ પર જઈ અને એકલદોકલને લૂંટી લેતો હતો. ગાંધીનગરમાં આરોપી મોનિશે લૂંટના ઈરાદે જ તમામ લોકોની હત્યા કરી હતી.



સાબરમતી રિવફ્રંટ ખાતે રાજપુત સમાજ દ્વારા એકતા સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું આ પ્રસંગે રાજપુત સમાજના કાર્યકરો દ્વારા બાઈક રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું.
(તસ્વીરઃ- જયેશ મોદી)

## નર્મદા ડેમ ઓવરફ્લો થવાની બિલકુલ નજીક

(સંપૂર્ણ સમાચાર સેવા) અમદાવાદ,
કેવડિયા ખાતે નર્મદા ડેમની સપાટી આજે ૧૩૮.૫૫ મીટરે પહોંચી ગઈ છે. ડેમ તેની સર્વોચ્ચ સપાટી ૧૩૮.૬૮ મીટરથી માત્ર ૧૩ સે.મી. જ દૂર છે. દર કલાકે નર્મદા ડેમની સપાટીમાં ૧ સે.મી.નો વધારો થઈ રહ્યો છે. જેથી ગમે તે ઘડીએ ડેમ છલકાવવાની તૈયારીમાં જ છે. જેને લઈ હવે રાજય સરકાર અને ભાજપ દ્વારા તા.૧૭મીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિને જ તેમના હસ્તે નર્મદાના નીરના વધામણાં અને નમામિ દેવી નર્મદે મહોત્સવની બેવડી ઉજવણી કરવાનું આયોજન હાથ ધરાયું છે.

## ગુજરાતમાં મેઘમહેર : કપરાડામાં છ, છોટાઉદેપુરમાં ૫ ઇંચ વરસાદ

(સંપૂર્ણ સમાચાર સેવા) અમદાવાદ,
ગુજરાતના જુદા જુદા ભાગોમાં ભારેથી અતિભારે વરસાદનો દોર યથાવતરીતે જારી રહ્યો છે. દક્ષિણપૂર્વ રાજસ્થાન ઉપર મોર્નિંગના લો પ્રેશર એરિયા અને આસપાસના વિસ્તારોમાં અન્ય સિસ્ટમના પરિણામ સ્વરુપે ભારે વરસાદનો દોર હજુ જારી રહ્યો છે. દક્ષિણ ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં ભારે વરસાદ થયો છે. દક્ષિણ ગુજરાતના કપરાડામાં છ ઈંચથી વધુ વરસાદ થયો છે. બીજુ બાજુ મધ્ય ગુજરાતના છોટા ઉદેપુરમાં પાંચ ઈંચથી વધુ અને લુણાવાડામાં ચાર ઈંચથી વધુ વરસાદ ખાબકી જતાં જળબંબાકારની સ્થિતિ સર્જાઈ ગઈ છે.

મહિસાગર નદી ગાંડીતુર થતાં ૬૫ ગામો સંપર્ક વિહોણા થયા છે. હેરન નદીમાં ઘોડાપુરની સ્થિતિ છે. ઓરસંગ નદી બે કાઠે થઈ છે. મહિસાગર નદીના કાંઠાના ૧૦૬ ગામોને એલર્ટ કરવામાં આવ્યા છે. મધ્ય ગુજરાતમાં છોટાઉદેપુર પથંકમાં પાંચ ઈંચ વરસાદને પગલે ઓરસંગ નગી બે કાંઠે વહી રહી છે. આ ઉપરાંત લુણાવાડામાં પણ ચાર ઈંચ વરસાદ ખાબક્યો છે. જેને પગલે વાંસીયા તળાવ પાસે આવેલુ એક મકાન ધરાશાયી થઈ ગયું હતું.

જો કે, આ દુર્ઘટનામાં કોઈ જાનહાની થઈ નહોતી. આ ઉપરાંત દાહોદ પથંકમાં ભારે વરસાદની આગાહીને પગલે એનડીઆરએફની ટીમને સ્ટેન્ડ બાય રાખવામાં આવી છે. આજના ભારે વરસાદને પગલે છોટા ઉદેપુર, લુણાવાડા સહિતના પંથકોમાં સર્વત્ર પાણી જ પાણી જોવા મળતા હતા. છોટા ઉદેપુરમાં ભારે વરસાદને લઈ હેરણ નદીમાં ફરી એકવાર ઘોડાપૂરની સ્થિતિ જોવા મળી હતી. નર્મદા નદી છેલ્લા સવા મહિનાથી ઉફાન પર છે, ત્યારે હવે કડાણા ડેમમાંથી છોડવામાં આવેલા સાત લાખ ક્સૂયેક પાણીને કારણે મહીસાગર નદીમાં પૂરની સ્થિતિનું નિર્માણ થયું છે. મહીસાગર જિલ્લાના ૧૦૬ ગામો એલર્ટ પર છે અને ૬૫ ગામો સંપર્ક વિહોણા બની ગયા છે. વડોદરા જિલ્લાના છ થી વધુ ગામોને પણ એલર્ટ કરવામાં આવ્યા છે. મહીસાગર નદી ગાંડીતુર બનતા ૫૦૦ થી વધુ લોકોનું સ્થળાંતર કરવામાં આવ્યું છે. જ્યારે ત્રણ મોટા પૂલ ડુબાણમાં ગયા છે. બીજીબાજુ, છોટાઉદેપુર પથંકમાં આજે પાંચ ઈંચ વરસાદને પગલે સર્વત્ર જળબંબાકારની સ્થિતિ જોવા મળી હતી.

## નર્મદા બંધ સંપૂર્ણ ભરવાની ઘટનાના મોદી સાક્ષી બનશે

(સંપૂર્ણ સમાચાર સેવા) અમદાવાદ,
ગુજરાતની જીવાદોરી સમાન સરદાર સરોવર બંધ ટૂંક સમયમાં જ સંપૂર્ણપણે ભરાઈ જવાની તૈયારીમાં છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૧૭મી સપ્ટેમ્બરના દિવસે પોતે આ ઘટનાના સાક્ષી બનનાર છે. મોદીનો જન્મદિવસ પણ ૧૭મી સપ્ટેમ્બરે આવનાર છે. ગુજરાતના મુમુખ્યમંત્રી વિજય રૂપાણીનું કહેવું છે કે, બંધની સપાટી હવે ૧૩૮.૬૮ મીટરની પૂર્ણ ક્ષમતા સુધી પહોંચશે. વર્ષોના સંઘર્ષ બાદ નર્મદા નદી પર બંધ બનાવવાના દેશના પ્રથમ ગૃહમંત્રી સરદાર વલ્લભભાઈ પટેલનું સપનું પૂર્ણ થઈ ગયું છે. બંધની આધારશીલા પાંચમી એપ્રિલ ૧૯૬૧ના દિવસે દેશના પ્રથમ વડાપ્રધાન જવાહરલાલ નહેરુએ મુકી હતી પરંતુ નિર્માણ ૫૬ વર્ષ બાદ સપ્ટેમ્બર ૨૦૧૭માં પૂર્ણ થયું હતું. સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડના અધિકારી રાજીવ ગુપ્તાનું કહેવું છે કે જે દિવસે બંધ સંપૂર્ણપણે ભરાશે તે દિવસ ગુજરાતના લોકો માટે ગર્વનો રહેશે. મોદીના આગમનને લઈને તૈયારીઓ કરી લેવામાં આવી છે.

**૧૭મી સપ્ટેમ્બરે વડાપ્રધાનનો જન્મદિવસ**

સરદાર સરોવર નર્મદા ડેમ પૂર્ણ ક્ષમતાએ ૧૩૮.૬૭ મીટર સુધી ભરાતા વડા પ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિન તા.૧૭/૦૯/૨૦૧૯ના રોજ નર્મદા નીરનાં વધામણા માટે રાજ્યના જિલ્લાઓમાં સવારે ૧૦.૦૦ કલાકે ×નમામિ દેવિ નર્મદે મહોત્સવ× રાજ્ય સરકારના મંત્રીઓ અને બોર્ડ નિગમોના અધ્યક્ષાઓની ઉપસ્થિતિમાં જન સહયોગથી જિલ્લા કક્ષાએ ઉજવાશે. મુખ્યમંત્રી વિજય રૂપાણી, નાયબ મુખ્ય મંત્રી નીતિન પટેલ કેવડીયા ખાતે પ્રધાનમંત્રીના હસ્તે થનારા નર્મદા જળ વધામણાના રાજ્ય કક્ષાના મુખ્ય કાર્યક્રમમાં જોડાશે.

## ડીસા રાધનપુર નેશનલ હાઈવે પર હિટ એન્ડ રનની ઘટના : ૨ના મોત ૮ ઘાયલ

(હિ.મી.એ), પાટણ,
ડીસા રાધનપુર નેશનલ હાઈવે પર થરા નજીક શનિવારે એક કાર ચાલકે ગફલત ભર્યું ડ્રાઈવિંગ કરી રોડ ક્રોસ કરવા જતા ૧૦ રાહદારીઓને અડફેટે લીધા હતા. જેમાં બે લોકોના ઘટના સ્થળે મોત થયા હતા. જ્યારે આઠ લોકોને ૧૦૮ એમ્બ્યુલન્સ વાનની મારફતે થરા સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

ડીસા રાધનપુર નેશનલ હાઈવે પર થરા પાસે એક બેફામ બનેલા કારચાલકે રાહદારીઓની અડફેટે લેતા ૨ના ઘટના સ્થળે જ મોત થયા હોવાની ઘટના સામે આવી છે. જેમાં થરા હાઈવેની બાજુમાંથી રાહદારીઓ પસાર થઈ રહ્યા હતા. તે દરમિયાન એક કાર ચાલક બેફામ રીતે કાર ચલાવીને આવી રહ્યો હતો. કાર ચાલકે સ્ટિયરિંગ પરનો કાબૂ ગુમાવતા રાહદરીઓને અડફેટે લેતા અકસ્માત સર્જાયો હતો.

અકસ્માતમાં ૧૦ જેટલા લોકો પરથી કાર ફરી વળતા એક બાળક સહિત ૨ લોકો કાર નીચે કચડાઈ જતાં તેમના ઘટના સ્થળે જ મોત થયા હતા. જ્યારે ૮ લોકોને ગંભીર ઈજાઓ પહોંચી હતી . આ બનાવની જાણ આજુબાજુના લોકોને થતા ઘટનાસ્થળે દોડી આવી ઈજાગ્રસ્તોને સારવાર અર્થે ૧૦૮ની મદદથી થરા રેફરલ હોસ્પિટલ ખાતે ખસેડયા હતા. જ્યારે આ બનાવના પગલે થરા પોલીસ પણ ઘટના સ્થળે આવી પહોંચી હતી અને બંને મૃતકોના મૃતદેહને પોસ્ટમોટર્મ અર્થે ખસેડ્યા હતા. જ્યારે બેફામ બનેલા કાર ચાલકની પણ અટકાયત કરી જેલના સળિયા પાછળ ધકેલી દીધો હતો. ઉલ્લેખનીય છે કે, કારમાંથી દારૂ ભરેલી પાણીની બોટલ મળી આવી હતી અને કાર ચાલક પણ અકસ્માત સમયે નસામાં ધૂત હોવાના કારણે અકસ્માત સર્જાયો હોવાનું સ્થાનિકોએ જણાવ્યું હતું.

**ટ્રકમાં તોડફોડ કરવા મામલે**

## કોંગ્રેસનાં ધારાસભ્ય પ્રધુમનસિંહ જાડેજાના પુત્ર સહિત ૧૨ની ધરપકડ

(હિ.મી.એ), ભૂજ,
હાજીપીર નજીક આવેલી આર્ચિયન કંપનીના ૬ ટ્રકોને રોડ પર થોભાવી તેમાં તોડફોડ કરી નુકસાન પહોંચાડવાના કેસમાં અબડાસાના ધારાસભ્યના પુત્ર સહિત ૧૨ આરોપીની નખત્રાણા પોલીસે ધરપકડ કરી છે. ધારાસભ્યના પુત્ર પશ્ચિમ કચ્છ ટ્રાન્સપોર્ટ એસોસિએશનના પ્રમુખ અર્જુનસિંહ જાડેજા સહિત ૧૨ આરોપીને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

અબડાસાના કોંગ્રેસનાં ધારાસભ્ય પ્રધુમન સિંહ જાડેજા પુત્રએ દાદાગીરી કરી હોવાનો આરોપ સામે આવ્યો છે. હાજીપીર નજીક આવેલ આર્ચિયન કંપનીમાં ૬ જેટલા ટ્રકોમાં તોડફોડ કરવામાં આવી હતી. હાજીપીર ફાટકથી દેશલપર ગુંતલી જતા રોડ પર પશ્ચિમ કચ્છ ટ્રક ટ્રાન્સપોર્ટ એસોસિએશનના તંબુ પાસે આ બનાવ બન્યો હતો. હાજીપીરમાં બ્રોમાઈન અને સૉલ્ટનું ઉત્પાદન કરતી આર્ચિયન કેમિકલ કંપનીએ મીઠાનું પરિવહન કરવા માટે કંપનીની માલિકીના ૬ ટ્રકો ખરીદ્યા હતા.

કંપની હવે સ્થાનિક ટ્રક માલિકોને કામ-ધંધો નહીં આપે તે બાબતનું મનદુઃખ રાખી ટ્રક એસોસિએશનના પ્રમુખ અર્જુનસિંહ અને તેના સાગરિતોએ ટ્રકોમાં ધોકા-લાકડીઓથી આગલા કાચ અને હેડલાઈટ, બેકલાઈટ વગેરેમાં તોડફોડ કરી હતી. એટલું જ નહીં, બે ટ્રકોને આગળ-પાછળ ચલાવી એકમેક સાથે ટકરાવી નુકસાન કર્યું હતું. સમગ્ર મામલે ધારાસભ્યના પુત્ર અને પશ્ચિમ કચ્છ ટ્રાન્સપોર્ટ એસોએસિયન પ્રમુખ અર્જુન સિંહ જાડેજા સહીતના ટોળા સામે ફરિયાદ નોધવામાં આવી હતી.

નખત્રાણા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આખરે પોલીસે આરોપીની ધરપકડ કરી છે. નખત્રાણા પોલીસે ધારાસભ્યના પુત્ર અર્જુનસિંહ સિંહ જાડેજા સહીત ૧૨ આરોપીની ધરપકડ કરી છે. નખત્રાણા પોલીસે તમામ આરોપીની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. ધારાસભ્યના પુત્ર ધરપકડ થતા મોટી સખ્યામાં લોકો નખત્રાણા પોલીસ સ્ટેશન પહોચ્યા હતા. ધારાસભ્યના પુત્ર તેમજ ટ્રાન્સપોર્ટ એસોએસિયન સભ્યો ધરપકડ થતા પશ્ચિમ કચ્છ ટ્રાન્સપોર્ટ એસોએસિયન ફરિયાદ ખોટી હોવાનો આરોપ કર્યો છે.

ધારાસભ્ય તેમજ પશ્ચિમ કચ્છ ટ્રાન્સપોર્ટ એસોએસિયન તોડવા માટે ખોટી ફરિયાદ કરવામાં આવી હોવાનો ટ્રાન્સપોર્ટ એસોએસિયન ખુલાસો કર્યો છે. તો કચ્છમાં સ્થાપિત ઉદ્યોગ માટે આવતી કંપનીઓ સ્થાનિકને રોજગારી આપતી ન હોવાનો મુન્દ્રા વ્યવસાય માલિકોના મંડળે પણ આજે પશ્ચિમ કચ્છ ટ્રક એસોસિયેશનને ટેકો જાહેર કરતાં કહ્યું હતું કે કચ્છમાંથી કમાતી કંપનીઓ કચ્છના લોકોને રોજગારી આપવામાં ઠાગાઠૈયા કરે છે.

## ગોધરામાં બાળ સાક્ષીઓ અને પીડિતોના રક્ષણ માટે સાક્ષી જુબાની કેન્દ્ર શરૂ કરવામાં આવ્યું

(હિ.મી.એ), ગાંધીનગર,
ગુજરાત હાઈકોર્ટના જસ્ટિસ અનંત એસ દવેએ ગોધરા જિલ્લા ન્યાયાલયમાં વલ્નરેબલ વિટનેસ ડિપોઝીશન સેન્ટરનું ઉદઘાટન કર્યું હતું. આ પ્રસંગ્રે તેમણે જણાવ્યું હતું કે, સુપ્રીમ કોર્ટના નિર્દેશ અનુસાર બાળ સાક્ષીઓ અને પીડિતો ને રક્ષણ આપવાના હેતુ અનુસાર આ સંદેવનશીલ સાક્ષી જુબાની કેન્દ્ર શરૂ કરવામાં આવ્યું છે. જેથી બાળ સાક્ષી અને પીડિત કોઈ પણ દબાણ વગર નિર્ભય રીતે જુબાની આપી શકે, તેવી વ્યવસ્થા ઉભી કરવાની દિશામાં આગળ વધી રહ્યાં છીએ.

ગુજરાત હાઈકોર્ટના નામદાર ન્યાયમૂર્તિ શ્રી અનંત એસ. દવેના વરદ હસ્તે ગોધરાના જિલ્લા ન્યાયાલય ખાતે ‘વલ્નરેબલ વિટનેસ ડિપોઝીશન સેન્ટરનું ઉદઘાટન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે તેમણે જણાવ્યું હતું કે નામદાર સુપ્રિમ કોર્ટે જાતીય ગુનાઓ સહિતના ગુનાઓમાં બાળ સાક્ષીઓ તેમજ ભોગ બનનારને બચાવ પક્ષના અનુચિત પ્રભાવ કે દબાણ સામે રક્ષણ આપવાના હેતુથી સંવેદનશીલ સાક્ષી જુબાની કેન્દ્ર ખોલવા આપેલા નિર્દેશોને અનુરૂપ આ કેન્દ્રની શરૂઆત કરવામાં આવી છે.

સંવેદનશીલ એવા બાળ સાક્ષીઓ કે ભોગ બનનાર નિર્ભય બની કોઈ પણ જાતના દબાણ અનુભવ્યા વિના જુબાની આપી શકે તેવી વ્યવસ્થા ઉભી કરવાની દિશામાં આ એક શરૂઆત છે. તેમણે ઉમેર્યુ હતું કે આ બાબતે ન્યાયતંત્ર સાથે સંકળાયેલું દરેક અંગ સંવેદનશીલ બને તે જરૂરી છે. આ પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવોને નવ નિર્મિત કેન્દ્રની કામગીરીનું નિદર્શન કરવા માટે એક મોક કેસની સુનાવણી પણ કરવામાં આવી હતી.

સંવેદનશીલ સાક્ષી જુબાની કેન્દ્ર હેઠળ બાળકને પરંપરાગત કોર્ટ જેવો અનુભવ ન થાય તે માટે તેને બાળ સાક્ષી નિવેદનકક્ષમાં બેસાડવામાં આવશે. આ બાળ સાક્ષી પ્રતિક્ષાખંડ ખાણી પીણીની ચીજવસ્તુઓ, રમકડા, સેટ ટોપ બોક્સ સાથેના ટેલિવિઝન સેટ અને બાળકોની મલ્ટી મીડિયા સામગ્રીથી સજ્જ છે. ન્યાયાધીશ, વકીલ અથવા આરોપીને બાળ સાક્ષી/ ભોગ બનનાર સાથે કોઈ પ્રત્યક્ષ કે રૂબરૂ સંપર્ક હોતો નથી. આ કક્ષમાં બેસેલ મદદગાર વ્યકિતના માધ્યમથી અદાલત બાળ સાક્ષીને પ્રશ્ન પૂછશે. આ તમામ વ્યવહાર સાક્ષી, જુબાની કક્ષ અને કોર્ટ રૂમની વચ્ચે કરવામાં આવેલ સી.સી.ટી.વી જોડાણના માધ્યમથી કોર્ટરૂમમાં જોઈ અને સાંભળી શકાશે.

આ પ્રસંગે ગુજરાત હાઈકોર્ટના ન્યાયમૂર્તિઓ શ્રી આર.એમ.છાયા અને શ્રી આર.પી.ઢોલરિયા, પંચમહાલના પ્રિન્સિપાલ ડિસ્ટ્રીક્ટ જજ શ્રી જે.આર.શાહ સહિતના જજ અને વકીલો ઉપસ્થિત રહ્યા હતા.

## મારી કોઇએ માંફી માંગવાની જરૂર નથી કોઇએ વચ્ચે પડવું નહીં: મોરારિ બાપુ

(હિ.મી.એ), અમદાવાદ,
નિલકંઠવર્ણી વિવાદ બંધ થવાનું નામ લેતો નથી. કલાકરો અને સાધુ સંતો નિલકંઠવર્ણી વિવિધામાં વચ્ચે પડ્યા છે. ત્યારે મોરારિ બાપુએ પ્રતિક્રિયા આપી છે. તેમણે જણાવ્યું હતું કે, આ વિવાદમાં કોઈએ વચ્ચે પડવાની જરૂર નથી.

મોરારિ બાપુએ જામનગરમાં નિલકંઠવર્ણી વિવાદ અંગે પ્રતિક્રિયા આપતા જણાવ્યું હતું કે, ‘તપસ્વીનું રૂપ ક્ષમા છે. ક્ષમા મારી ઘડપણની લાકડી છે. મારે કોઈને પાસે ક્ષમા મંગાવી નથી. મારે ક્ષમાની જરૂર નથી. જે કોઈએ ક્ષમા માંગવી હોય એ આ વ્યાસપીઠ અને સનાતન ધર્મની માંગવી જોઈએ. ઘણા લોકો એવું કહે છે કે બાપુ અમે વચ્ચે આવીએ.. કોઈએ વચ્ચે આવવાની જરૂર નથી. મેં કજીયો કર્યો નથી. હું વિવાદનો નહીં પરંતુ સંવાદનો માણસ છું. આમ હું કિનારે બેસીને જોઈ રહ્યો છું.‘

ઉલ્લેખનીય છે કે, નિલકંઠવર્ણી વિવાદ છેલ્લા કેટલાય દિવસોથી ચાલી રહ્યો છે. સ્વામિનારાયા સંપ્રદાયના સાધુ મોરારિ બાપુની માફી માગે એવી માંગણી સાથે અનેક સાધુ સંપ્રદાયો સામે આવ્યા છે. ત્યારે સ્વામિનારાયસ સંપ્રદાયના સાધુ દ્વારા કલાકારોને દારૂડિયા કહેવાની પ્રતિક્રિયા બાદ , હેમંત ચૌહામ, કિર્તિદાન ગઢવી, જીજ્ઞેશ કવિરાજ સહિત અને મોટા ગજારના લોક કલાકારોએ પોતનાને એનાયત કરવામાં આવેલા એવોર્ડને પરત કર્યા હતા.

ઉલ્લેખનીય છે કે, શનિવારે મોરારિ બાપુના જન્મ સ્થાને પમ લોકો રોષે ભરાતા એકઠાં થયા હતા. અને સ્વામિનારાય સંતો બાપુની માંફી માગે તેવી માંગણી કરી હતી.

## વિદેશ મંત્રી એસ. જયશંકરે સરદાર સરોવર ડેમની મુલાકાત લીધી

(હિ.મી.એ), નર્મદા,
દેશના વિદેશ મંત્રી એસ. જયશંકર હાલ ગુજરાતના બે દિવસીય પ્રવાસે નર્મદા જિલ્લામાં આવી પહોંચ્યા હતા. જેમાં વિદેશમંત્રી નર્મદા ખાતે સ્ટેચ્યુ ઓફ યુનિટિની મુલાકાત લીધી હતી અને આ સાથે તેમણે સરદાર સરોવર ડેમ પણ જોયો. તો ગઈકાલે તેમણે રાજપીપળા મુખ્ય પોસ્ટઓફિસ ખાતે નર્મદા જિલ્લાના નાગરિકો માટે પોસ્ટ ઓફિસ પાસપોર્ટ સેવા કેન્દ્રનો તેમણે શુભારંભ કરાવ્યો હતો.

મહત્વનું છે કે રાજપીપળા ખાતે પાસપોર્ટ સેવા કેન્દ્રના ઉદઘાટન પ્રસંગે ખુશી વ્યક્ત કરતાં વિદેશ મંત્રી ડો. એસ. જયશંકરે જણાવ્યુ હતુ કે, પોષ્ટ ડિપાર્ટમેન્ટની ભાગીદારી અને સહયોગથી આજે પાસપોર્ટ કઢાવવો એ સરળ બન્યું છે. લોકોને પાસપોર્ટ કઢાવવો આસાન બને એ અમારી પ્રાથમિકતા છે. ઉપરાંત આ મિનિમમ ગવર્મેન્ટ અને મેક્સિમમ ગવર્નન્સનું આ ઉત્તમ ઉદાહરણ છે. વિદેશમંત્રી બન્યા બાદ આ પ્રથમ જી કેન્દ્રનું મેં ઉદ્ઘઘાટન કર્યું છે. નર્મદા જિલ્લો એસ્પીરેશનલ ડિસ્ટ્રીકટ છે, એને મોડલ ડિસ્ટ્રીકટ બનાવવાનો અમારો પ્રયાસ રહેશે.

વિદેશ મંત્રી એસ. જયશંકર હાલ નર્મદા જિલ્લાનાં પ્રવાસે છે ત્યારે રાજ્યની જીવાદોરી સમાન નર્મદા નદીનું જળ સ્તર પણ વધી રહ્યું છે. જેના કારણે હાલ સરદાર સરોવર ડેમની સપાટી ૧૩૮ મીટરને પાર કરી ગઈ છે. આ ઐતિહાસિક ક્ષણે સરદાર સરોવરની તેમને મુલાકાત લીધી હતી.

નોંધનીય છે કે નર્મદા બંધના ઉપરવાસમાંથી પાણીની આવક ૮ લાખ ક્યુસેક થઈ રહી છે. જેની સામે ત્રેવીસ દરવાજા ખોલીને ૬ લાખ ક્યુસેક પાણી નર્મદા નદીમાં છોડાઈ રહ્યું છે. પાણીની આવક સામે જાવક સરખી રાખી હાલ જળ સપાટી જાળવવામાં આવી રહી છે. નર્મદા બંધ પોતાની મહત્તમ સપાટી તરફ આગળ વધી રહી છે. ત્યારે નર્મદા નિગમનાં ઈજનેરો પણ ખૂબ કાળજી લઈ રહ્યા છે. બીજી બાજુ કાંઠાના ગામોમાં પાણી ઘુસતા જે નુકસાન થયું છે એના પર પણ તંત્ર વોચ રાખી લોકોને જરૂરી મદદ પહોંચાડી રહ્યા છે. નર્મદા બંધ ૧૩૮ મીટરને પાર થઈ ગયો છે ત્યારે પર છલોછલ થઈ એક નવો વિક્રમ બનાવવા જઈ રહ્યો છે. ત્યારે ગુજરાત માટે આ ઉત્સવનો દિવસ હશે. જેથી સમગ્ર રાજ્યમાં નર્મદા મૈયાને વધામણાંના કાર્યક્રમો કરશે.

## નર્મદા જળ વધામણા કાર્યક્રમમાં પ્રસિદ્ધ કલાકારો સહભાગી થશે

(હિ.મી.એ), ગાંધીનગર,
ગુજરાતની જીવાદોરી સરદાર સરોવર નર્મદા ડેમ તેની પૂર્ણ સપાટી ૧૩૮.૬૮ મીટર ભરાવાના ઐતિહાસિક અવસરે તા.૧૭ સપ્ટેમ્બર મંગળવારે રાજ્યવ્યાપી નમામિ દેવી નર્મદે મહોત્સવ લોક ઉમંગ ઉત્સવ તરીકે ઉજવાશે.

રાજ્યના જિલ્લા મથકો અને નગરો મહાનગરોમાં આ જનઉત્સવમાં લોક કલાકારો, પ્રખ્યાત ગાયકો, ગુજરાતી ફિલ્મ કલાકારો, લોક સાહિત્યના અગ્રણી કલાકારો પણ સહભાગી થઈને નર્મદા મૈયાના જળ વધામણા કરતા ગીતોને સંગીત મઢી પ્રસ્તુતિ કરશે. જે કલાકારો આ ઉમંગ ઉત્સવમાં જોડાવાના છે તેમાં મુખ્યત્વે પદ્મશ્રી ભીખુદાન ગઢવી, અમુદાન ગઢવી અને જીતુભાઈ દ્વારકાવાળા જૂનાગઢમાં, કિંજલ દવે, બંકિમ પાઠક, ધનરાજ ગઢવી, અરવિંદ બારોટ અને ઈન્દિરા શ્રીમાળી અમદાવાદમાં, ઓસમાણ મીર, સાંઈરામ દવે અને પંકજ ભટ્ટ રાજકોટમાં, ગીતા રબારી કચ્છમાં, વિરાજ બારોટ પાટણ અને જીજ્ઞેશ કવિરાજ મહેસાણામાં જિલ્લા કક્ષાના કાર્યક્રમમાં જોડાવાના




મેટ્રો રેલના કારણે અમદાવાદ શહેરના કેટલાક વિસ્તારોમાં રસ્તાઓ ઉબડખાબડ થઈ ગયા છે જેના કારણે વાહન ચાલકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહયો છે . આમ છતાં તંત્ર દ્વારા કોઈ જ ધ્યાન અપાતું નથી માત્ર કાગળ ઉપર વાતો જ કરવામાં આવે છે પણ રાહદારીઓનો કોઈ જ વિચાર કરવામાં આવતો નથી તંત્રની આંખો કયારે ખુલશે ?( તસ્વીરઃ- જયેશ મોદી )

## ઈડરનાં સાબલવાડ ગામે બે જૂથ વચ્ચે અથડામણ

(હિ.મી.એ), ઈડર, ઈડર તાલુકાના સાબલવાડ ગામે ગત મોડી રાત્રે બે જૂથ વચ્ચે અથડામણ સર્જાઇ હતી. ગણપતિ વિસર્જન વખતે બે જૂથ વચ્ચે બોલાચાલી થઈ હતી. જેને લઈને ગત મોડી રાત્રે બે જૂથ સામસામે આવી ગયા હતા અને પથ્થર મારો કર્યો હતો સાબરકાંઠાઃ ઈડરમાં ગત રાત્રે બે જૂથ વચ્ચે અથડામણ સર્જાઈ હતી. આ ઘટનાની જાણ થા ડી.વાય.એસ.પી સહિતનો પોલીસ કાફલો ઘટના સ્થળે પહોંચી ચુસ્ત બંદોબસ્ત ખડકી દેવામાં આવ્યો હતો.

## સુરતના કોસંબા પાસે કેમિકલ ભરેલા ટ્રકનો અકસ્માત : ડ્રાઇવર જીવતો સળગ્યો

(હિ.મી.એ), સુરત,
સુરતના કોસંબા નજીક નેશનલ હાઈવે ૪૮ પર મોડી રાત્રે કોસંબા બ્રિજ પર ઉભેલ ટ્રક પાછળ કેમિકલ ભરેલું ટેન્કર ધમાકા સાથે ભટકતા ટ્રક અને ટેન્કરમાં ભીષણ આગ લાગી ગઈ હતી. જોકે આગ એટલી ભીષણ હતી કે, ફાયરની ગાડી આવે ત્યાં સુધીમાં ટેન્કર ચાલાક અને ક્લીનર બળીને ખાખ થઈ ગયા હતા. આગના પગલે નેશનલ હાઈવે પર અફડાતફડીનો માહોલ સર્જાયો હતો. કોસંબા,પાનોલી અને આઈ.આર.બીની ફાયરની ટીમે ભારે જહેમત બાદ આગ પર કાબુ મેળવ્યો હતો.

સુરત જિલ્લામાંથી પસાર થતા નેશનલ હાઈવે ૪૮ પર એક એવો અકસ્માત સર્જાયો જેને જોઈને રુવાડા ઉભા થઈ જાય. સુરતથી અમદાવાદ તરફ જવાના માર્ગ પર કોસંબા બ્રિજ પર ટ્રકમાં પંચર પડ્યું હતું. અને રસ્તામાં આડસ મૂકી ટ્રક ચાલાક જેક લગાવી રહ્યા હતા. ત્યારે પુરઝડપે આવી રહેલ કેમિકલ ભરેલ ટેન્કર ચાલકે ઉભેલી ટ્રક પાછળ જોરદાર અકસ્માત કર્યો હતો. જેમાં બંને વાહનોમાં આગ ફાટી નીકળી હતી. ટ્રક ચાલકનો બચાવ થયો હતો જયારે ટેન્કર ચાલાક અને ક્લીનર ટેન્કરમાંથી નીકળી શક્યા નોહતા અને બંને બળીને ખાખ થઈ ગયા હતા. કોસંબા પોલીસની વાત માનીએતો ડ્રાયવરની સળગી ગયેલી બોડી કેબિનમાંથી મળી છે. જયારે ક્લીનરના કોઈ અંગો મળ્યા નથી એટલે કોસંબા પોલીસે એફ.એ.સેલ ની મદદ લીધી છે શું ક્લીનર બળીને ખાખ થઈ ગયો છે કે પછી માત્ર ડ્રાયવર સવાર હતો. હાલતો એફ.એ.સેલ ની તપાસ બાદ જ ખબર પડશે કે આગમાં એકની વ્યક્તિનું મોત થયું છે કે બે વ્યક્તિનુ. નેશનલ હાઈવે ૪૮ સિયાલજ પાટિયાથી ધામરોડ સુધીનો માર્ગ અકસ્માત માટે બદનામ છે. અને અકસ્માતનું કારણ હાઈવે પર ઉભેલા વાહનો પાછળ અન્ય વાહનો ભટકાય અને મોટી જાનહાની સર્જાય છે.